# ખરી તરસ છિપાવે છે આપણાં જાહેર ગ્રંથાલયો

પ્રથમ કમ્પ્યૂ-ગ્રંથાલય નિમિત્તે ગુજરાતની ગ્રંથાલયપ્રવૃત્તિની સમીક્ષા હાથ ધરે છે *ડંકેશ ઓઝા*

જે ગુજરાતમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે છેક ૧૯૦૭માં અમેરિકાના પ્રવાસના અંતે ડૉ. ડબલ્યૂ એ. બોર્ડેન નામના અમેરિકન તજ્જ્ઞને નોંતરીને વડોદરા રાજ્યના ગ્રંથાલયના સંચાલકપદે નિમણૂક કરી હતી અને ગ્રંથાલય આંદોલનના જનક ગણાતા મોતીભાઈ અમીનને પણ તેમાં સાંકળ્યા હતા તેવા ગુજરાતમાં આજે ગ્રંથાલયોનું નેટવર્ક કેવુંક વિસ્તર્યું છે તે વિચારવા જેવો મુદ્દો તો છે.

છવ્વીસેક વર્ષ પૂર્વે અમદાવાદમાં બ્રિટિશ લાઇબ્રેરીની શાખા ખોલવામાં આવી ત્યારે લાલ દરવાજા વિસ્તારમાં તેનાં સભ્યપદ મેળવવા માટે અક્ષરશઃ લાંબી લાઇન લાગી હતી અને સિનેમાની ટિકિટ માટે જ આવી લાંબી લાઇનોમાં ઊભા રહેતા અમદાવાદીઓની એક જુદી જ અનોખી ઓળખ ઊભી થઈ હતી.

આજે ગુજરાતમાં અઢાર હજાર ગામડાં છે, સવા બસો તાલુકા છે અને પચીસ જેટલા જિલ્લા છે. પરંતુ આ વસતી માટે ગ્રંથાલયો કેટલાં છે? માત્ર ૧૪૨ ગામોમાં ગ્રામગ્રંથાલયો છે. ૮૫ તાલુકામાં સરકારી તાલુકા ગ્રંથાલયો છે અને પચીસે જિલ્લામાં જિલ્લા ગ્રંથાલયો છે. ગ્રામીણ પ્રજા સુધી પુસ્તકો પહોંચતાં નથી. ઘણી બધી બીજી સગવડોની માફક આ સુવિધા પણ અંતરિયાળ ગામો સુધી વિસ્તરી નથી એટલું વાસ્તવદર્શન આ વિગતો કરાવી આપે છે.

અચ્છા, ગ્રાન્ટની બાબતે કેવીક સ્થિતિ છે? કુલ દોઢેક કરોડ રૂપિયા જેટલું વાર્ષિક બજેટ છે. જેમાંથી અડધોઅડધ રકમ તો ભારત સરકારના માનવ સંસાધન વિકાસ વિભાગ હસ્તકનું રાજા રામમોહન રાય ફાઉન્ડેશન આપે છે. સમૃદ્ધ એવા ગુજરાત રાજ્ય પાસે આથી વધુ નાણાં 'મનના જમણવાર' માટે ફાળવવાની જોગવાઈ નથી.

આજકાલ ગુજરાત રાજ્ય એવું પ્રથમ રાજ્ય બન્યું છે જેના ગાંધીનગર જિલ્લાના ગ્રંથાલયની તમામ સેવાઓ કમ્પ્યૂટરાઇઝ્ડ કરવામાં આવી છે અને રા.રા.લા.ફા.ની આ યોજનાનો લાભ લઈને તેનો અમલ કરનાર ગુજરાત પહેલું રાજ્ય છે. આ માટે જે સોલ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે કેન્દ્ર સરકારના માહિતી અને પુસ્તકાલય નેટવર્ક (ઇન્ફલિબ નેટ) દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. વાચકો જાતે જ કમ્પ્યૂટર ઉપરથી માહિતી મેળવી શકે તેવી ઑન લાઇન પબ્લિક એક્સેસ કેટેલોગની અહીં સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. તદુપરાંત અદ્યતન અવબોધન અને વાઙમયસૂચિ સંબંધી સેવાઓ એવી રીતે પૂરી પડાય છે જેથી વાચકનો સમય શોધખોળમાં ઓછો ખર્ચાય અને વાંચવા માટે પૂરતો રહે. કોઈકે સરસ કહ્યું છે કે પુસ્તકોની ખરીદી સાથે તે વાંચવા માટેનો સમય પણ ખરીદી શકાતો હોત તો કેવું સારું!

આજે ગાંધીનગર જિલ્લા ગ્રંથાલયનો લાભ લેનારા ૩૨૦૦ જેટલા સભ્યો છે. પ્રત્યેક સભ્યને હવે કમ્પ્યૂટરાઇઝ્ડ લેમિનેટેડ મેમ્બરશીપ કાર્ડ્ઝ અપાશે જેથી પુસ્તકોની આપ-લે પણ ઝડપી બનશે. ગ્રંથાલયમાં આવતાં તમામ દૈનિકપત્રો અને સામયિકોની માહિતી ત્વરિત ગતિએ પ્રાપ્ત થઈ શકશે.

> ■ **પાણીની પરબોમાં પાછું ન પડતું ગુજરાત, હજુ વધુ સંખ્યામાં પુસ્તકોની પરબો પણ માંડે તો નવી પેઢીને વાચનસમૃદ્ધ, વિચારસમૃદ્ધ અને તેથી સ્વસ્થ નાગરિક બનાવવાની પોતાની જાહેર નિસબત જતાવી શકશે અને તો આગામી વર્ષોનું ગુજરાત રક્તરંજિત મટીને પુસ્તક મંડિત અને વિચારમંડિત હશે, જેનો લાભ સરકાર અને સમાજ બંનેને પ્રાપ્ત થશે**

૧૯૬૦ની રાજ્ય રચના બાદ, નવું પાટનગર રચાતાં સન ૧૯૭૦થી ગાંધીનગરમાં સરકારી જિલ્લા પુસ્તકાલય શરૂ કરવામાં આવેલું અને ૧૯૮૧થી તે હાલના મકાનમાં સેક્ટર-૨૧ ખાતે કાર્યરત છે. સુડતાલીસ હજાર જેટલાં પુસ્તકો તેમાં છે અને વાચનાલયમાં ૨૧ વર્તમાનપત્રો અને ૧૪૨ સામયિકો વાચકો માટે મંગાવવામાં આવે છે. જૂનાં સામયિકો ૧૦ ટકાની નજીવી વેચાણ કિંમતથી વાચકો ખરીદીને લઈ જઈ શકે તેવી સુવિધા પણ છેલ્લાં કેટલાક વર્ષોથી ઊભી કરાઈ છે. ૪૫૦૦ જેટલાં સંદર્ભગ્રંથો સાથેનો સંદર્ભ વિભાગ પણ છે. સુલેખન, વાચન, ચિત્ર, વક્તૃત્વ, નિબંધલેખન, ગ્રંથવિમોચન, ગ્રંથસમીક્ષા, લેખક-કવિ સાથે વાર્તાલાપ જેવી વિસ્તરણ પ્રવૃત્તિઓનો લોકો વિશાળ સંખ્યામાં લાભ લે છે.

ગુજરાતમાં ગાયકવાડી, ભાવનગર અને ગોંડલ જેવાં રાજ્યોની આ દિશાની સમૃદ્ધ ઐતિહાસિક પરંપરાઓને કારણે સાડત્રીસ જેટલાં ગ્રંથાલયો એવાં છે જે સ્થાપનાની સદી વટાવી ચૂક્યાં છે. મિલેનિયમ વર્ષમાં આ ગ્રંથાલયોને અપાતી ગ્રાન્ટ બમણી કરવામાં આવી હતી; પરંતુ તે એક વર્ષ પૂરતી જ. સમાજની સંસ્થાઓ આવાં ગ્રંથાલયો ટાંચા સાધનો વડે ચલાવે છે. ભાવનગરની ગાંધી સ્મૃતિ, નડિયાદની ડાહીલક્ષ્મી કે જાફરાબાદની લાઇબ્રેરી ગુજરાતની સારી મનાતી લાઇબ્રેરીઓમાં ગણાવી શકાય. અમરેલીના જાફરાબાદમાં તો ૬૦ ટકા વસતી ખારવાઓની છે છતાં વસતીના ૪૦ ટકા સભ્યો ગ્રંથાલયનું સભ્યપદ ધરાવે છે અને બે પાંદડે થઈ મુંબઈ વસેલા શ્રેષ્ઠીઓ તેની નાણાકીય જોગવાઈની ચિંતા કરે છે.

ગુજરાત રાજ્યે હમણાં ત્રણેક વર્ષ પૂર્વે ગ્રંથાલય ધારો પસાર કર્યો છે જેના નિયમોના ઘડતરની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. ભારતનાં રાજ્યોમાં ગુજરાત બારમું એવું રાજ્ય છે જ્યાં ગ્રંથાલય ધારો પસાર થયો હોય. અગાઉ શિક્ષણમંત્રી નવલભાઈ શાહના આ દિશાના પ્રયાસો નાકામિયાબ રહ્યા હતા અને કેશુભાઈ મંત્રીમંડળના ભાવનગરના મહેન્દ્ર ત્રિવેદીને તેની સફળતાનો યશ પ્રાપ્ત થયો હતો. ગુજરાતની જાગૃતિ ત્યાં છે કે બારેક જેટલા વિધાનસભ્યો આ માટે અલગ અલગ તબક્કે પ્રાઇવેટ મેમ્બર્સ બિલ વિધાનસભામાં લાવેલા. સચિવાલયમાં વાયકા એવી હતી કે જ્યારે ગ્રંથાલયધારાનો પ્રયાસ વિધાનસભામાં થાય છે ત્યારે ક્યાં તે સભ્ય, મંત્રી કે સરકાર જાય જ છે. અગિયાર વખતનો એવો ઇતિહાસ હોવા છતાં અને તે મહેન્દ્ર ત્રિવેદીને જણાવ્યો હોવા છતાં તેમણે ગ્રંથાલય ધારો ગુજરાતને આપવાનું મુનાસિબ માન્યું!

આજે તો સંસ્થાગત ગ્રંથાલયો-વાચનાલયોની સુવિધા પણ વિસ્તરી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પણ જાગ્રત બની છે. મહેન્દ્ર મેઘાણી જેવા વાચનયાત્રાઓ દ્વારા અને પુસ્તકોની સસ્તી આવૃત્તિઓ દ્વારા બહોળા વાચકવર્ગ સુધી પહોંચી ચૂક્યા છે. આપણા લેખક-ચિંતક ગુણવંત શાહ અવારનવાર લખે છે કે જે ઘરમાં સારાં પુસ્તકો ન હોય ત્યાં દીકરી દેવી નહીં. આવા લેખો પૂરતી સામાજિક જાગૃતિ પ્રસરાવવામાં નિમિત્તરૂપ બનતાં હોય છે.